**ગાંધીનગર તાપમાન**

મહત્તમ : ૪૧.૦ ડીગ્રી
લઘુતમ : ૨૨.૫ ડીગ્રી
ભેજ
સવારે ૬૯ ટકા ● સાંજે ૨૩ ટકા

# આજે શહેરમાં ૧૫ કોરોના પોઝિટીવ મૃતકોના અંતિમ સંસ્કાર કરાયા

**કુલ ૩૩માંથી ૧૫ વ્યકિતને કોરોના ભરખી ગયો : ૧૫માંથી ૧૦ મૃતકો સિવિલ હોસ્પિટલમાં સારવાર લઈ રહ્યા હતા**

ગાંધીનગર, તા.૬

ગાંધીનગરમાં કોરોના હાહાકાર મચાવી રહ્યો છે અને દિનપ્રતિદિન કોરોના પોઝિટીવ કેસોની સંખ્યામાં વધારો થઈ રહ્યો છે તેની સામે હવે મૃત્યુદર પણ વધી રહ્યો છે. આજે શહેરમાં ૧૫ કોરોના પોઝિટીવ મૃતકોના અગ્નિ સંસ્કાર કરવામાં આવ્યા હતા. જે પૈકી ૧૦ મૃતકો ગાંધીનગર સિવિલ હોસ્પિટલના દર્દીઓ હતા જયારે પાંચ મૃતક ખાનગી હોસ્પિટલમાં કોવિડ-૧૯ની સારવાર મેળવી રહ્યા હતા.

કોરોના વાયરસની બીજી લહેરે દેશભરમાં અત્યંત ચિંતાજનક સ્થિતિ ઉત્પન્ન કરી છે અને બીજી તરફ ગાંધીનગરમાં સતત વધી રહેલા કોવિડના કેસો વચ્ચે મહાનગરપાલિકાની ચુંટણીઓ યોજાઈ રહી છે. આજે ગાંધીનગરના બંને સ્મશાન ગૃહો સેકટર-૩૦નું મુકિતધામ અને સરગાસણનું રૂદ્રભૂમિ સ્મશાન બંનેના આંકડા જોઈએ તો શહેરમાં કુલ ૩૩ મૃત્યુ નોંધાયા છે જેમાં ૧૫ કોવિડ-૧૯ના દર્દીઓ હતા. શહેરના સ્મશાનગૃહોમાં અગ્નિદાહ પામેલા આ મૃતકો પૈકી ૧૦ વ્યકિતઓ એવી હતી જે ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં સારવાર લઈ રહી હતી જયારે પાંચ વ્યકિતઓ જે કોરોનાને કારણે કવેળા મોતને ભેટી તેઓ શહેરની ખાનગી હોસ્પિટલમાં કોવિડ-૧૯ની સારવાર મેળવી રહ્યા હતા. આજે સ્મશાન ગૃહોમાં અંતિમક્રિયા પામનાર ૧૫ કોવિડ-૧૯ પોઝિટીવ મૃતકો ઉપરાંત અન્ય કારણોસર ૧૮ વ્યકિતઓના પણ મૃત્યુ થવા પામ્યા હતા. આંકડા અનુસાર જોઈએ તો કોરોના કાળની આ સૌથી કપરી પરિસ્થિતિ ચાલી રહી હોવાનું સ્પષ્ટ ફલિત થાય છે.

# પાટનગરમાં ઉનાળાનો દાહ દેહને દઝાડવા લાગ્યો

**ગરમીનો મહત્તમ પારો ૪૧ ડિગ્રી સે. સુધી પહોંચ્યો જયારે લઘુત્તમ તાપમાન પણ અઢી ડિગ્રી ઉંચું નોંધાયું : શહેરમાં બપોરના સમયે રાજકીય પ્રચારથી માંડીને બજારો પણ ઠપ્પ થવા લાગ્યા**

ગાંધીનગર, તા.૬

એક તરફ ગાંધીનગરમાં કોરોના વાયરસ હાહાકાર મચાવી રહ્યો છે ને બીજી તરફ શહેરમાં ગરમીનો પારો પણ કોરોના કેસોની સંખ્યાના ગ્રાહકની જેમ જ સડસડાટ ઉપર ચઢી રહ્યો છે. આજે શહેરમાં મહત્તમ ગરમીનો પારો ૪૧ ડિગ્રી સેલ્સિયસ સુધી પહોંચી જવા પામ્યો હતો તેમજ લઘુત્તમ તાપમાન પણ અઢી ડિગ્રી જેટલું વધીનો ૨૨.૫ ડિગ્રી સે. નોંધાયું હતું. શહેરમાં ભેજનું પ્રમાણ વાતાવરણમાં સવારે ૬૯ ટકા નોંધાયું હતું તે પણ સાંજ સુધીમાં ઘટીને ૨૩ ટકા થઈ જવા પામ્યું હતું.

ગાંધીનગરમાં ઉનાળાનો દાહ હવે દેહને દઝાડી રહ્યો છે અને આકરા તાપથી નાગરિકો ત્રસ્ત થઈ રહ્યા છે. હજુ તો એપ્રિલ મહિનાનો માંડ પ્રારંભ થયો છે ત્યાં તો ગરમીનો પારો કુદકેને ભુસકે આગળ વધી રહ્યો છે. દિવસ



દરમિયાન શહેરના આકાશમાંથી વરસતી ગરમી નાગરિકોને પરેશાન કરવા સાથે કપાઈ ગયેલા અસંખ્ય વૃક્ષોની યાદ અપાવી રહી છે. શહેરમાં છેલ્લા ચાર દિવસથી મહત્તમ ગરમીનો પારો જે ૪૦ ડિગ્રી આસપાસ પહોંચી ગયો હતો તે વધીને હવે ૪૧ ડિગ્રી સુધી પહોંચ્યો છે જયારે લઘુત્તમ તાપમાન પણ ગઈકાલ કરતા અઢી ડિગ્રી વધુ અને તા. ૩જી એપ્રિલ કરતા સાડા પાંચ ડિગ્રી વધુ ૨૨.૫ ડિગ્રી સે. નોંધાવા પામ્યુ છે. શહેરમાં વધતી ગરમી અને કોરોના કેસો સાથે યોજાઈ રહેલી ચુંટણીના પ્રચારમાં પણ ઉમેદવારો દ્વારા વહેલી સવારે અને સાંજના સમયે જ ડોર ટુ ડોર પ્રચાર કરવાનું પસંદ કરવામાં આવી રહ્યું છે કેમ કે બપોરના સમયે સખત ગરમીના વાતાવરણમાં ડોર ટુ ડોર ફરવું પણ ખૂબ આકરું હોય છે તેમજ બપોરે ગરમીથી ત્રસ્ત થઈને વામકુક્ષી માણી રહેલા નાગરિકોને ડિસ્ટર્બ કરવામાં મતદારો નારાજ થઈ શકે છે. જેથી બપોરના સમયનો પ્રચાર બુમરેંગ સાબિત થઈ શકે છે. બીજી તરફ ગરમીના કારણે શહેરીજનો એસી-પંખાના શરણે જોવા મળી રહ્યા છે અને બપોરના સમયે સરકારી કચેરીઓથી માંડીને બજારોમાં તથા મુખ્ય માર્ગો પર વાતાવરણ તદ્દન શુષ્ક ભાસી રહ્યું છે.

## જન્મદિને વધામણી




પરાગભાઈ એમ. સોની
મો. ૯૮૨૫૫ ૫૧૪૩૦



રચના બી રાવલ



કરુણા અનિલકુમાર બોરા
મો. ૯૪૦૯૪ ૦૮૩૫૪



કહાન રુચિર શુક્લા



મોક્ષ રાજપૂત
મો. ૯૯૦૯૯ ૪૮૩૫૮



રિગ્વેદ સંદીપ જગતાપ
મો. ૯૮૭૯૮ ૦૭૩૧૧



કવિશ ગોપલાણી



સમીર મનસુરી



વિહાન હાર્દિક શ્રીમાળી
મો. ૯૪૨૬૭ ૦૬૫૪૬

## ચિરવિદાય

● મુકિતધામ ●

- સ્વ. પટેલ અનિલાબેન કેશુભાઈ ઉ.વ. ૬૮, નંદાસણ, મહેસાણા
- સ્વ. સોલંકી વીરૂબેન રામજીભાઈ ઉ.વ. ૬૮, પેથાપુર
- સ્વ. પરમાર પુષ્પાબેન વરૂભાઈ ઉ.વ. ૬૨, સેકટર-૨
- સ્વ. જાદવ નિખિલ રાજેન્દ્રકુમાર ઉ.વ. ૧૯, પેથાપુર
- સ્વ. વાઘેલા સોનલબા મહેન્દ્રસિંહ ઉ.વ. ૫૧, પેથાપુર
- સ્વ. ઠાકોર અંબાલાલ કુબેરજી ઉ.વ. ૭૩, ધણપ
- સ્વ. વખારીયા પ્રફુલાબેન નરેશભાઈ ઉ.વ. ૬૭, કલોલ
- સ્વ. વાઘેલા દીપાબેન નટવરજી ઉ.વ. ૫૮, લેકાવાડા
- સ્વ. બિહોલા વીણાબેન નટુજી ઉ.વ. ૬૩, પાલજ
- સ્વ. પ્રજાપતિ મધુબેન ડાહ્યાભાઈ ઉ.વ. ૮૦, ધણપ
- સ્વ. વાઘેલા ચંદુજી ગોબરજી પેથાપુર
- સ્વ. મહેતા જશોદાબેન દશરથલાલ ઉ.વ. ૮૨, સેકટર-૩૦
- સ્વ. બારોટ દિનેશભાઈ જયદેવલાલ ઉ.વ. ૬૦, કલોલ
- સ્વ. વણઝારા જગદીશજી વીરાજી ઉ.વ. ૩૩, બોરીજ
- સ્વ. મેવાડા અરવિંદકુમાર અમૃતલાલ ઉ.વ. ૬૬, કુડાસણ
- સ્વ. પરમાર ધીરાજી રામાજી ઉ.વ. ૭૦, આલમપુર
- સ્વ. ડાભી નંદુબા અમરજી ઉ.વ. ૬૫, પેથાપુર
- સ્વ. સોલંકી ગાંડાજી પુંજાજી ઉ.વ. ૭૦, જીંડવા, દહેગામ
- સ્વ. ગુપ્તા ગોપાલપ્રસાદ ઉ.વ. ૭૮, કુડાસણ
- સ્વ. રાણા લીલાબા કાળુસિંહ ઉ.વ. ૬૧, ધણપ
- સ્વ. દાતણીયા મહેશભાઈ વિદુરભાઈ ઉ.વ. ૪૯, સેકટર-૩
- સ્વ. જથલ ત્રિગુણાબેન તનસુખલાલ ઉ.વ. ૯૩, સેકટર-૨૯

● રૂદ્રભૂમિ ●

- સ્વ. મકવાણા મનસુખભાઈ શીવાભાઈ ઉ.વ. ૬૧, સેકટર-૨
- સ્વ. પંડયા પોપટલાલ ઘેલારામ ઉ.વ. ૭૪, સેકટર-૩
- સ્વ. પંચાલ ઈશ્વરભાઈ ધનજીભાઈ ઉ.વ. ૬૬, કુડાસણ
- સ્વ. શાહ ભરતકુમાર ચંદુલાલ ઉ.વ. ૬૬, ચાંદખેડા, અમદાવાદ
- સ્વ. ગુપ્તા રામ નરેશપ્રસાદ ઉ.વ. ૭૪, કોટેશ્વર
- સ્વ. પટેલ રમેશભાઈ કાશીભાઈ ઉ.વ. ૬૫, સેકટર-૩
- સ્વ. ડોરીયા નાથુભાઈ કાનાભાઈ ઉ.વ. ૮૫, સેકટર-૧૪
- સ્વ. રાવલ કલાવતી મથુરભાઈ ઉ.વ. ૫૦, વાસણ
- સ્વ. વ્યાસ નિર્મળાબેન બાલકૃષ્ણભાઈ ઉ.વ. ૭૭, સેકટર-૫
- સ્વ. પંડયા પ્રવિણકુમાર હીંમતલાલ ઉ.વ. ૬૩, સેકટર-૫
- સ્વ. ચુડાસમા વ્રજકુંવરબા ઘનશ્યામસિંહ ઉ.વ. ૭૮, અડાલજ

# એસ. વી. સ્કૂલમાં ઓનલાઈન વકતૃત્વ પ્રવૃત્તિ યોજાઈ

ગાંધીનગર, તા.૬

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ, ગાંધીનગર સંચાલિત એસ. વી. ઈંગ્લીશ મિડિયમ પ્રી- સ્કૂલમાં ઓનલાઈન ‘વક્તૃત્વ પ્રવૃત્તિ’ ( Elocution) યોજાઈ ગઈ, જેમાં જુનિયર કે. જી. અને સિનિયર કે. જી. ના બાળકોએ વિવિધ પ્રકારના વિષયો જેવા કે માય ફેમિલી, માય ફેવરિટ ટીચર, અવર નેશન, સેવ ધ ગર્લ ચાઈલ્ડ, સેવ એન્વાયરમેન્ટ, સોલાર એનર્જી, કોરોના, હોળી વગેરે વિષયો ઉપર અદભૂત સ્પીચની રજૂઆત કરી હતી. અનેરી છટા સાથે અને આત્મવિશ્વાસથી ભરપૂર એવા બાળકોના આ પર્ફોર્મન્સને નિહાળીને સૌ કોઈ દંગ રહી ગયા હતા. આ બદલ શાળા પરિવારે બાળકોની ખૂબ જ સરાહના કરી હતી. શિક્ષિકાઓએ અગાઉથી જ બાળકો અને વાલીમિત્રોને વક્તૃત્વ કરતી વખતે કઈ બાબતોનું ધ્યાન રાખવું તેની જાણકારી આપી, વક્તૃત્વ અંગેના વિડીયો પણ બતાવ્યા હતા.



# આગામી ૧૧મીએ સ્મિત મ્યુઝિકનો ૭૫મો અમૃત શૉ

ગાંધીનગર, તા.૬

સ્મિત મ્યુઝિક ગાંધીનગરની કોરોના ઉપદ્રવ કાળમાં ચુસ્તપણે શિસ્ત-સૈયમ-સમજદારી પૂર્વક કોરોના ગાઈડલાઈનના પાલન સાથે જુન ૨૦૨૦થી શહેરના કલાજીવીઓને નિમંત્રી, મુંઝારાથી અલિપ્ત કરવા હેતુ સમયાંતરે એફબી શૉ કરતા કરતા આજે ૭૫મા શૉ તરફ કૂચ કરી રહેલ છે. આઝાદીના પંચોતેરમાં વર્ષને અનુલક્ષીને આ શૉ શિર્ષક ‘૭૫-મો અમૃત શૉ’ ૧૧ એપ્રિલે રાત્રે ૮.૦૦ કલાકે ‘ભરત ગજ્જર સ્મિત મ્યુઝિક’ ફેસબુક એકાઉન્ટથી લાઈવ થશે. આગામી મે મહિના સુધી શૉ સ્થગિત રહેશે એમ ભરત ગજ્જરે જણાવ્યું છે.

# નર્તન ડાન્સ એકેડેમીનું સતત ૬ઠ્ઠા વર્ષે ૧૦૦ ટકા પરિણામ



ક્લાસિકલ ડાન્સની તાલીમ આપતી ગાંધીનગરની સૌથી મોટી એવી નર્તન ડાન્સ એકેડેમીનાં સઘળાં તાલીમાર્થીઓ વાર્ષિક પરીક્ષામાં ઉત્તીર્ણ થયાં છે. સંસ્થાએ સતત ૬ઠ્ઠા વર્ષે ૧૦૦ ટકા પરિણામ પ્રાપ્ત કરીને પોતાની સફળતાનો રેકર્ડ જાળવી રાખ્યો છે. ઉલ્લેખનીય છે કે સંસ્થા અખિલ ભારતીય ગાંધર્વ મહાવિદ્યાલય મંડલ, મિરજ સંલગ્ન છે અને મહાવિદ્યાલય દ્વારા જ આ પરીક્ષા લેવામાં આવી હતી. કલાગુરુ હાર્દિકા શુક્લ દ્વારા તાલીમ પ્રાપ્ત પચીસ તાલીમાર્થીઓએ આ પરીક્ષા આપી હતી અને સહુ તેમાં ઉત્તીર્ણ થયાં હતાં. પ્રારંભિક કક્ષાની પરીક્ષામાં ૮ તાલીમાર્થીઓ વિશેષ યોગ્યતા (ડિસ્ટીંક્શન) સાથે, પ્રવેશિકા પૂર્ણમાં ૧૧ તાલીમાર્થીઓ દ્વિતિય વર્ગ સાથે, મધ્યમા પ્રથમમાં બે તાલીમાર્થીઓ અને મધ્યમા પૂર્ણમાં ૪ તાલીમાર્થીઓ પ્રથમ વર્ગ સાથે અને ૨ તાલીમાર્થીઓ દ્વિતીય વર્ગ સાથે ઉત્તીર્ણ થયાં છે.



રોટરી ક્લબ ઓફ ગાંધીનગરના પૂર્વ પ્રમુખ, બ્રહ્મ અગ્રણી, સમાજ સેવક અને જાણીતા એડવોકેટ શ્રી અશ્વિન ત્રિવેદીનું ગાંધીનગર રોટરી ક્લબ દ્વારા કોરોના વોરિયર્સ તરીકે સન્માન કરી કોરોના કાળમાં કરેલ સેવા બદલ રોટરી પ્રમુખ કુલદીપ જૈન તથા ડૉ. ધર્મેન્દ્ર પટેલ તેમજ પ્રોજેક્ટ ચેરમેન અને પૂર્વ પ્રમુખ શ્રી જસવંત ગાંધીના વરદ હસ્તે સર્ટીફીકેટ આપી સન્માન કરવામાં આવેલ છે.

## સરસ્વતી ઈન્સ્ટીટયુટના સ્ટાફ પરિવારે વેકિસન લીધી




સરસ્વતી ઈન્સ્ટીટ્યુટ ઓફ ફાર્માસ્યુટિકલ સાયન્સીસ દ્વારા આ કોરોના મહામારીમાં સંસ્થામાં કામ કરતા તમામ શૈક્ષણિક અને બિન-શૈક્ષણિક સ્ટાફનું સ્વાસ્થ્ય જળવાઈ રહે તેવા ઉમદા હેતુ થી રસીકરણ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. સંસ્થાના કુલ ૩૧ કર્મચારીઓએ ધણપ ગામમાં આવેલ આરોગ્ય કેન્દ્ર ઉપર જઈને કોવી-શિલ્ડ રસી લીધી હતી.



ગાંધીનગર મહાનગરપાલિકાની ચૂંટણીના બ્યુગલ વાગી ચુકયા છે. જો કે કોરોનાના વધતા સંક્રમણ વચ્ચે પ્રચારમાં ચુસ્તી જોવા મળી રહી છે. મોટા નેતાઓની ગેરહાજરીમાં ચૂંટણીનું પ્રચાર કાર્ય ચાલી રહ્યું છે. વિકાસના મુદ્દાને લઈને મતદાર સમક્ષ જવાનું હોવાથી વોર્ડ નં. ૩માં સરકાર દ્વારા કરવામાં આવી રહેલા કામોની ચર્ચા વિચારણા કરવામાં આવી હતી.

# શહેરમાં ભારતીય જનતા પાર્ટીના ૪૧માં સ્થાપના દિનની ઉજવણી



ગાંધીનગર, તા.૬

આજરોજ ભારતીય જનતા પાર્ટીના ૪૧માં સ્થાપના દિન નિમિત્તે પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદી અને ભાજપા રાષ્ટ્રીય અધ્યક્ષ શ્રી જે.પી.નડ્ડાજીએ દેશભરના ભાજપા કાર્યકર્તાઓને સંબોધન કર્યું હતું. આ સંબોધનને નિહાળવાના કાર્યક્રમનું આયોજન મહાનગરના પ્રત્યેક વોર્ડમાં ૨૧૦થી વધુ બુથમાં કરવામાં આવ્યું હતું, જેમાં પ્રદેશ દ્વારા નિયત કરાયેલા મહાનુભાવો, મહાનગર ભાજપા સંગઠનના હોદ્દેદારશ્રીઓ, આગામી મનપા ચૂંટણીના ભાજપા ઉમેદવારશ્રીઓ, સિનિયર આગેવાનો/અગ્રણીશ્રીઓ, કાર્યકર્તાઓ જે તે વોર્ડમાં ઉપસ્થિત રહ્યા હતા. ભાજપાના સિનિયર આગેવાનો તેમજ કાર્યકર્તાઓએ પોતાના નિવાસસ્થાને ભાજપાનો ધ્વજ લહેરાવ્યો હતો. કોબા સ્થિત પ્રદેશ ભાજપા કાર્યાલય ‘શ્રી કમલમ’ ખાતે પ્રદેશ સંગઠન મહામંત્રીશ્રી ભીખુભાઈ દાલસાણીયાએ ભાજપાનો ધ્વજ લહેરાવ્યો હતો.

પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીના સંબોધનને નિહાળવાના કાર્યક્રમમાં વોર્ડ ૧માં ચૂંટણી ઈન્ચાર્જશ્રી પ્રદેશ મહામંત્રીશ્રી રજની પટેલ, વોર્ડ ૨માં ચૂંટણી ઈન્ચાર્જશ્રી પૂર્વ પ્રદેશ મંત્રીશ્રી અમિત ઠાકર, વોર્ડ ૩માં અનુસૂચિત જાતિ મોરચાના રાષ્ટ્રીય મહાસચિવ મહંતશ્રી શંભુનાથજી ટુંડિયા, વોર્ડ ૪માં સાંસદશ્રી કિરીટ સોલંકી, વોર્ડ ૬માં શ્રી નરહરિ અમીન, વોર્ડ ૮માં મંત્રીશ્રી જવાહર ચાવડા, વોર્ડ ૧૦માં પ્રદેશ સંગઠન મહામંત્રીશ્રી ભીખુભાઈ દાલસાણીયા, વોર્ડ ૧૧માં મંત્રીશ્રી વાસણભાઈ આહીર ઉપસ્થિત રહ્યા હતા.

મહાનગર ભાજપાના અધ્યક્ષશ્રી ઋચિર ભટ્ટે અખબારી યાદીમાં જણાવ્યું છે કે, ભાજપા કાર્યકર્તા આધારિત પાર્ટી છે, રાષ્ટ્રહિત, વિકાસ, સુસાશનની વિચારધારા અને સમર્પણના ભાવ સાથે અનેક કાર્યકર્તાઓએ કરેલા ત્યાગ, સંઘર્ષ, તપશ્ચર્યા, બલિદાનના ફળસ્વરૂપે આજે ભાજપા રૂપી વિશાળ વટવૃક્ષ બન્યું છે, ભાજપા વિશ્વની સૌથી મોટી રાજકીય પાર્ટી બની છે, દેશના કરોડો નાગરિકોનો વિશ્વાસ પ્રાપ્ત કર્યો છે. આગામી ૧૮મી એપ્રિલે મનપાની ચૂંટણી યોજવાની છે ત્યારે મુખ્યમંત્રીશ્રી વિજયભાઈ રૂપાણી, પ્રદેશ ભાજપા અધ્યક્ષશ્રી સી.આર.પાટીલના નેતૃત્વ તેમજ ચૂંટણી ઈન્ચાર્જશ્રીઓ શ્રી ભુપેન્દ્રસિંહ ચુડાસમા, શ્રી રજની પટેલ, શ્રી અમિત ઠાકરના માર્ગદર્શન હેઠળ મહાનગરના ભાજપા કાર્યકર્તાઓ ઉમેદવારોને વિજયી બનાવવાના કાર્યમાં લાગી ગયા છે.

# ચિલ્ડ્રન યુનિવર્સિટી ગાંધીનગર અને SSIT BHAT સંસ્થા દ્વારા સંયુક્ત એમઓયુ



ગાંધીનગર, તા.૬

ચિલ્ડ્રન યુનિવર્સિટી ગાંધીનગર અને SSIT BHAT સંસ્થા દ્વારા સંયુક્ત એમઓયુમાં હસ્તાક્ષર થયા. આ એમઓયુ અંતર્ગત બંને સંસ્થા પરસ્પર ટેકનોલોજી વિજ્ઞાન અને ભારતની અંદર આધુનિક ભારતમાં બાળકોને ફરવા ફરવાથી બાળકો લક્ષી વસ્તુઓની આધુનિક રૂપ આપી પ્રચાર-પ્રસાર કરવા માટે પ્લેટફોર્મ પૂરું પાડશે. બાળકોલક્ષી વસ્તુઓને ઈનોવેશન અને સ્ટાર્ટ અપ માટે ભારતના યુવા કોને તૈયાર કરી માનનીય પીએમ નું સ્વપ્ન લોકલ ફોર vocal ના સૂત્ર ને સાર્થક કરશે. આજે વિશ્વની સ્પર્ધામાં ભારત ના બાળકો તૈયાર થાય નાનપણથી જ વૈજ્ઞાનિક ગાણિતિક અને અદ્યોગિક સમજ રમત-રમતમાં કહેવાય તે માટેનું પ્લેટફોર્મ ટેકનોલોજીની મદદથી તૈયાર કરવામાં આવશે. આજની મહામારીમાં છેલ્લા એક વર્ષથી સ્ક્રીનનો વગર લાગી ગયું છે ત્યારે બંને સંસ્થાઓ દ્વારા એનિમેશનના માધ્યમથી અભ્યાસને સરળ અને રસપ્રદ બનાવવાનો પ્રયાસ કરવામાં આવશે. ચિલ્ડ્રન યુનિવર્સિટીમાં થતા બાળકના સંસ્કારો માટેના શોધ-સંશોધનમાં એસ એસ આઈ ટી દ્વારા તકનીક જ જ્ઞાનનું આદાન-પ્રદાન કરવામાં આવશે. આ પ્લેટફોર્મથી એન્જિનિયર વિદ્યાર્થીઓને ભારતમાં ઈનોવેશન ક્ષેત્રે આત્મનિર્ભર થવાની બહોળી તક આપવામાં આવશે. ચિલ્ડ્રન યુનિવર્સિટીમાં ભવિષ્યમાં થનારા ટેકનિકલ પાર્ટનર તરીકે સંસ્થા કાર્યરત રહેશે. આ એમઓયુમાં યુનિવર્સિટીના vice chancellor શ્રી હર્ષદ શાહ સાહેબ તથા શ્રી સ્વામિનારાયણ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ટેકનોલોજી ભાટ ગાંધીનગરના ડિરેકટર પ્રોફ ધર્મેશ વન્દ્રા, પ્રિન્સિપાલ ડો. હિતેશ વન્દ્રા દ્વારા ભવિષ્યમાં રમકડા સાથે વૈજ્ઞાનિક સિદ્ધાંતોને ટેકનોલોજીના માધ્યમથી બાળકો સુધી પહોંચાડવું અને એ માટે તજજ્ઞોની ટીમ સાથે તેજસ્વી બાળક તેજસ્વી ભારતનું સ્વપ્ન સાકાર કરવા પ્રયત્ન કરવામાં આવશે.